# –::: શહરૂલ્લાહની તૈયારી વાસ્તે ખુત્બએ રસૂલેખુદા (સ.અ.વ.વ.) :::–

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) થી રિવાયત મન્કૂલ છે કે, આપે શાઅબાન મહીનાના આખિરી અય્યામમાં મુસ્લેમીન દરમિયાન શહરૂલ્લાહની અઝમત વાસ્તે એક સબકઆમૌઝ ખુત્બો પઢો કે, અય લોગો, હુશિયાર થઈ જાવ ! એક અઝીમ મુબારક મહીના તમારાથી નઝદીક થઈ ચુકા છે. આ તે શાનવાલા મહીના છે જેમાં એક રાત એવી છે કે, જેની ઈબાદત હઝાર મહીનાની ઈબાદત કરતા અફઝલ છે. તે રાત લયલતુલ કદરની રાત છે જે શહરૂલ્લાહના આખિરી દસકામાં આવે છે.

જે શખ્સ આ મહીનામાં કોઈ પણ એક નૈકી કરે તો તે એ શખ્સ જેવો છે જેએ શહરૂલ્લાહ સિવાય બીજા મહીનામાં એક ફરઝ અદા કીધું હોય. યાઅની શહરૂલ્લાહના એક અમલે ખૈરની જઝા એક ફરઝની અદાયેગી મુજબ છે. હવે જે શખ્સ શહરૂલ્લાહમાં એક ફરઝ અદા કરે અને અલ્લાહથી નઝદીકી હાસિલ કરે તો તે એ શખ્સ જેવો છે જેએ બીજા મહીનામાં ૭૦ ફરઝ અદા કીધા હોય. યાઅની શહરૂલ્લાહના એક ફરઝનો સવાબ અલ્લાહ ૭૦ ગણો આપે છે. **આ મહીના સબરના મહીના છે અને સબરનો સવાબ જન્નત છે અને આ મુવાસાત-હમદર્દીના મહીના છે.** આ તે મહીના છે જેમાં મુમિનના રિઝકમાં વધારો કરવામાં આવે છે. જે શખ્સ આ મહીનામાં એક રોઝાદારને રોઝા ઈફતારી કરાવે તો અલ્લાહતઆલા એના તમામ નાના ગુનાહોંને બખ્શી દે છે યાઅની રોઝા-ઈફતારી મુમિન વાસ્તે કફ્ફારતુઝ ઝોનૂબ છે, આ સાથે જહન્નમથી એની ગરદન આઝાદ થઈ જાય છે. અલ્લાહ આ રોઝા-ઈફતારી કરાવનારને રોઝાદારના સવાબ જેટલો સવાબ ઈનાયત કરશે.

તે વક્ત કૌમના ચંદ શખ્સોએ અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), હમારા માંથી હરએકમાં રોઝાદારને ઈફતાર કરાવવાની તાકત હોતી નથી. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલા ઈફતારીનો સવાબ તે શખ્સને પણ એટલો જ આપશે જે કોઈ રોઝાદારને દૂધનો એક ઘૂંટ યા એક ખજૂર યા થોડા પાનીથી ઈફતારી કરાવશે. જે શખ્સ રોઝાદારને પેટ ભરીને જમાડશે તો ખુદા એને હૌઝે કૌસર માંથી પાકીઝા પાનીનો એવો ઘૂંટ પીવડાવશે કે તેના પીવા બાદ કોઈ વક્ત પણ એને પ્યાસ નહીં લાગે.

**આ માહે મુબારક એવા મહીના છે કે, જેનો પહેલો દસકો રેહમત છે અને વચલો દસકો મગફેરત છે અને છેલ્લો દસકો જહન્નમથી આઝાદી છે.** જે શખ્સ આ મહીનામાં પોતાના નોકરો-ગુલામો સાથે તખ્ફીફ કરશે, રહેમ કરશે તો અલ્લાહ એને બખ્શી દેશે અને એને જહન્નમથી આઝાદ કરશે. આ માહે રમઝાનમાં તમેં ચાર ખસલતો-આદતોને ઝિયાદહ અદા કરજો. આમાંથી બે ખસલતો તો એવી છે કે, જેથી તમેં તમારા રબને રાઝી કરશો, તે છે "લા ઈલાહા ઈલ્લલ્લાહ" ની શહાદત અને અલ્લાહથી મગફેરત ચાહવી. બાકીની બે ખસલતો એવી છે કે, મુમિનને એના બગૈર ચાલે જ નહીં, તે છે જન્નતનો સવાલ અને જહન્નમના અઝાબથી અલ્લાહની રેહમતની પનાહ તલબ કરવી.

આપ (સ.અ.વ.વ.) મિમ્બરે નબવી ઉપર ચઢા અને ફરમાવું કે, "**આમીન**". તે પછી કહ્યું કે, અય લોગો, હમણા જિબ્રઈલ મારા નઝદીક આવા અને કહ્યું કે, અય મોહંમદ, જે શખ્સને માહે રમઝાનના મુબારક અય્યામ નસીબ થાય પણ એની એમાં બખ્શિશ ન થઈ અને એ મરી ગયો તો એ શખ્સ જહન્નમમાં દાખિલ થાશે. ખુદા એને હલાક કરજો. કહો "આમીન". પછી મેં "આમીન" કહ્યું. ★